# મહિલાઓ માટે પ્રેરક




**પ્રીતિબેન જોશીને બાળપણથી જ ફિલ્મો જોવાનો શોખ. તેમને એક્શન કે રોમેન્ટિક ફિલ્મોના બદલે એવી ફિલ્મો વધુ પસંદ આવતી જેમાં કોર્ટનાં દ્રશ્યો હોય**

આજથી ૨૪ વર્ષ પહેલાં વકીલાતનો વ્યવસાય મહિલાઓ માટે ખૂબ જ ઓછો પસંદ કરાતો. પુરુષપ્રધાન આ વ્યવસાયમાં આંગળીના ટેરવે ગણી શકાય તેટલી જ મહિલા વકીલો આપણે ત્યાં હતી. તેવા સમયે સુરતની એક છોકરી પોતે એડવોકેટ બનવાનાં સપનાં સેવે અને તે પણ ક્રિમિનલ લોયર ત્યારે પરિવારમાં ચિંતાનો માહોલ સર્જાય અને વિરોધ પણ થાય તે સ્વાભાવિક છે. આવી વિષમ પરિસ્થિતિમાં પોતાના આત્મવિશ્વાસ અને ધગશથી વકીલાતમાં આગળ આવનાર એ છોકરી તે બીજું કોઇ નહીં પરંતુ સુરતનાં જાણીતાં એડવોકેટ પ્રીતિબેન જોષી.

પ્રીતિબેન જોષીને બાળપણથી જ ફિલ્મો જોવાનો શોખ. તેમને એક્શન કે રોમેન્ટિક ફિલ્મોના બદલે એવી ફિલ્મો વધુ પસંદ આવતી જેમાં કોર્ટનાં દ્રશ્યો હોય. સસ્પેન્સ હોય, બે વકીલો પોતોની દલીલો રજૂ કરતા હોય અને જજ સાહેબ ઓર્ડર... ઓર્ડર... કરતા હોય. આ તમામ સીન તેમને ખૂબ જ રોચક લાગતા. ફિલ્મમાં વકીલોની દલીલો સાંભળી તેની સાથે તેઓ પોતાનો તર્ક પણ જોડતા કે, 'જો હું તેના સ્થાને હોત તો અમુક દલીલ ચોક્કસ કરતે.' આ ફિલ્મોનો મોહ જ કહી શકાય જેણે પ્રીતિબેનની આંખમાં વકીલ બનવાનું સ્વપ્ન સજાવ્યું.

પ્રીતિબેને વકીલ બનવાનો નિર્ણય જ્યારે પોતાના પરિવાર આગળ રજૂ કર્યો ત્યારે ઘરના સભ્યો સાથે ઘણા વાદવિવાદ થયા. પરિવારને ચિંતા હતી કે એક તો લેડી અને ઉપરથી વકીલના વ્યવસાયમાં તો દારૂ, જુગાર, મારામારી, ચોરી, લૂંટફાટ, મર્ડર વગેરે વગેરે જેવા કેસો આવતા હોય તો વગર કારણે શા માટે આવાં લોકો સાથે પનારે પડવું? આ અંગે પ્રીતિબેન જણાવે છે કે, 'જ્યારે તમે કોઇ પણ ક્ષેત્રમાં આગળ વધવાનું વિચારો ત્યારે તમારા પરિવારમાંથી જો કોઇ પહેલેથી જ તે ક્ષેત્રમાં હોય તો એક પોઝિટિવ વાતાવરણ મળી રહે છે. પરંતુ મારા પરિવારમાં કોઇ પણ વકીલના વ્યવસાયમાં જોડાયેલું ન હોવાથી પરિસ્થિતિ થોડી વધારે મુશ્કેલ બની, જો કે પાછળથી હું મારા પરિવારને સમજાવવામાં સફળ રહી.' પ્રીતિબેનની સમસ્યાઓ અહીંથી જ સમાપ્ત નથી થતી. તેમણે જિજ્ઞેશભાઇ સાથે પ્રેમલગ્ન કર્યા. ઘરના સભ્યોને આ પ્રેમલગ્ન સ્વીકાર્ય ન હતા. તેથી ફરી એક વાર પ્રીતિબેને પરિવારની નારાજગી વહોરવી પડી. લવમેરેજ બાદ ઘરનો ખર્ચ અને પ્રેક્ટિસ બન્નેને પહોંચી વળવું મુશ્કેલ હતું. આ સમયે બન્ને પતિ-પત્ની નોકરી કરે તે ખૂબ જ જરૂરી હતું. આ સમયે જો પ્રીતિબેન વકીલાત ચાલુ રાખે તો આવકની અપેક્ષા તો રાખી જ ન શકાય અને શરૂઆતમાં તો કોઇ કેસ પણ નહીં મળતા હોય. આમ છતાં તેઓએ હાર માની નહીં. તેમણે વકીલાતની પ્રેક્ટીસ ચાલુ રાખી. શરૂઆતની મુશ્કેલીઓ વેઠ્યા બાદ પ્રીતિબેનની મહેનત અને ધીરજ અંતે રંગ લાવી. તેમને સુરત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ તથા ચોર્યાસી તાલુકા સેવા સમિતિમાં પેનલ એડવોકેટ બનવાની તક મળી અને તેમને કેસ મળતા થયા.

વધુ જાણવા QR સ્કેન કરો

આજે પ્રીતિબેનની સફળતા અનેક મહિલાઓ માટે પ્રેરણારૂપ બની છે.

તેઓ હાલ સુરત ફેમિલી કોર્ટ, ડિસ્ટ્રિક્ટ કોર્ટ, ગ્રાહક કોર્ટ સહિત ગુજરાત હાઇકોર્ટમાં તથા સુપ્રીમ કોર્ટમાં પણ પ્રેક્ટીસ કરે છે. છેલ્લાં પંદર વર્ષથી વધુ સમયથી સુરત ડિસ્ટ્રિક્ટ લેડી એડવોકેટ્સ એક્ટીવ કમિટીના કન્વીનર તરીકે કામગીરી બજાવવા સાથે વિવિધ સરકારી અને અર્ધ સરકારી સંસ્થાઓમાં પેનલ એડવોકેટ તરીકે સેવા આપે છે. તેઓ અનેક સામાજિક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલાં છે અને અનેક સન્માનો પણ મેળવી ચૂક્યાં છે. તેઓ અત્યાર સુધી હજારો બહેનો અને નિરાધાર મા-બાપને ન્યાય અપાવી ચૂક્યાં છે. આ સાથે તેઓ વિવિધ શાળા, કોલેજ અને સામાજિક સંસ્થાઓમાં બેટી બચાવો, સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવો અને બાળકોના હક્કો-અધિકાર તથા કાયદાના વિવિધ વિષયો પર જાગૃતિ શિબિરનું આયોજન કરી વક્તા તરીકે સેવા આપે છે.

If you can drean it, you can do it. - Walt Disney